For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર: હેમંત ડેરે)

રાત્રે બે કલાકે ઈ-મેઈલથી ધમકી મોકલવામાં આવી કે આત્મઘાતી બોમ્બર કોર્ટમાં મોકલાયો છે

# ડિસ્ટ્રિક્ટ કોર્ટને બોંબથી ઉડાવી દેવાની ધમકી

**સવારે** કોર્ટની કોમ્પ્યુટર સિસ્ટમ શરૂ કરતાં જ ઓપરેટરને ધમકીભર્યો ઈ-મેઈલ દેખાતાં ડિસ્ટ્રિક્ટ જજને જાણ કરાઈ

**ઘટનાની** જાણ થતાં સુરત પોલીસ, ઉચ્ચ અધિકારીઓ અને ક્રાઈમ બ્રાંચ કોર્ટ સંકુલ ખાતે દોડી ગઈ

**પોલીસે** બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડને સાથે રાખીને તપાસ કરી, પ્રાથમિક તપાસ બાદ ત્રણ કલાકે કોર્ટના કર્મચારીઓને પ્રવેશ અપાયો

સુરતઃ અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલી સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટને આરડીએક્સથી ઉડાવી દેવાનો ઈ-મેઈલ મળતા દોડધામ થઈ જવા પામી હતી. રાત્રે બે કલાકે મોકલાયેલા ઈ-મેઈલની જાણ સવારે થતાં જ પોલીસ કોર્ટ કેમ્પસમાં દોડી આવી હતી. પોલીસની ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ દ્વારા કેમ્પસ તેમજ કોર્ટ બિલ્ડિંગને ખાલી

...અનુસંધાન પાના 5 પર

### સવારે કોર્ટમાં કોમ્પ્યુટર શરૂ કર્યું અને ધમકીભર્યા મેઈલની જાણ થઈ

સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટને મોડીરાતે રાત્રે બે વાગેને બે મિનિટે અંગ્રેજીમાં મેઈલ આવ્યો હતો. કોર્ટના રોજિંદા કામ અર્થે કોમ્પ્યુટર સિસ્ટમ વહેલી સવારથી ઓપરેટ થઈ જતી હોય છે. આજે સવારે સવા સાત વાગ્યાની આસપાસ ત્રીજા માળનાં કોમ્પ્યુટર સિસ્ટમ રૂમમાં કોમ્પ્યુટર શરૂ કરાયા અને મેલ ચેક કરવાનું શરૂ કરાયું ત્યારે

...અનુસંધાન પાના 5 પર

### 8-10 કલાકે પોલીસ કોર્ટ સંકુલમાં આવી ગઈ અને છ કલાકે બપોરે 2-10 કલાકે 'સબ સલામત'ની જાહેરાત કરી

કોર્ટના સ્ટાફને ધમકીભર્યા ઈ-મેઈલની જાણ થતાં તુરંત 8-10 કલાકે પોલીસને જાણ કરતાં પોલીસ દોડી આવી હતી. પોલીસે ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ સાથે કોર્ટ પરિસર અને કોર્ટ બિલ્ડિંગમાં તપાસ શરૂ કરી હતી. જોકે, પ્રાથમિક રીતે કશું વાંધાજનક નહીં જણાતાં બપોરે 11-45 કલાકે કોર્ટના કર્મચારીઓને

...અનુસંધાન પાના 5 પર

### ઈ-મેઈલ ક્યા સર્વર પરથી મોકલાયો? ક્યું આઈપી એડ્રેસ હતું? ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી

સુરત ડિસ્ટ્રીક્ટ કોર્ટને મળેલા ધમકીભર્યા ઈ-મેઈલ બાદ ક્રાઈમ બ્રાંચ હરકતમાં આવી છે. ઈ-મેઈલ ક્યા સર્વર પરથી મોકલાયો, તેમાં ઉપયોગમાં લેવાયેલી ટેક્નિકલ વિગતો અને આઈપી એડ્રેસને આધારે તપાસ હાથ ધરાઈ છે. એક જ પેટર્નથી રાજ્યની અલગ-અલગ કોર્ટને ઈ-મેઈલ મોકલાયો હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે. પોલીસ

...અનુસંધાન પાના 5 પર

### ધમકીભર્યા મેઈલમાં શું હતું?

આ મેઈલમાં લખાયેલુ હતું કે JECTO GEO વિરોધઃ તમારા કોર્ટ પરિસરમાં RDXનો ઉપયોગ કરીને માનવ આત્મઘાતી વિસ્ફોટ મૂકવામાં આવ્યો છે. આ વિસ્ફોટથાય એ

...અનુસંધાન પાના 5 પર

### સિનિયર વકીલોએ મોરચો સંભાળ્યો

સુરત કોર્ટ બિલ્ડિંગમાં બોંબ મુકાયનાં ઈ-મેઈલને પગલે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા, વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સિનિયર વકીલો કલ્પેશ દેસાઈ,

...અનુસંધાન પાના 5 પર

### ડિસ્ટ્રિક્ટ કોર્ટને ધમકીના ઈ-મેઈલનો ઘટનાક્રમ

- રાત્રે બે વાગેને બે મિનિટે મેઈલ આવ્યો
- ૭.૧૫ કલાકે વાગે કોમ્પ્યુટર સિસ્ટમ રૂમમાં કોમ્પ્યુટરમા મેલ ચેક કરતાં ખબર પડી
- ડિસ્ટ્રિક્ટ જજને પણ જાણ કરાયા બાદ કામગીરી સ્થગિત કરી દેવાય.
- પોલીસને જાણ કરાતાં ૮.૧૦ કલાકે પોલીસે પહોચી ગઈ
- કોર્ટ સંકુલમાં પ્રવેશવાના મુખ્યગેટને ૮.૨૫ કલાકે બંધ કરી દેવાયાં
- કોર્ટનાં કર્મચારીઓને ૧૧.૪૫ વાગે પ્રવેશ અપાયો
- બપોરે ૨.૧૦ વાગે કોર્ટ બિલ્ડીંગને સેફ જાહેર કરાયાં બાદ અરજન્ટ કામો શરૂ

સુરત મનપાનો 7 સ્ટાર વોટર પ્લસનો દાવો ખોખલો?

# લિંબાયત અને ઉધનાની કોલોનીમાં સતત છ માસથી ગંદું પાણી આવે છે

**ઈન્દોર**-ગાંધીનગરની ઘટનાથી મનપાનું તંત્ર એલર્ટ તો થયું, પરંતુ જોઈએ એટલું નહીં!

**દુર્ગંધ** મારતાં પાણીના સપ્લાયથી રોગચાળાનો ખતરો મનપા ભાપી લે તો સારું, નહીંતર...

સુરતઃ ઇન્દોર અને ગાંધીનગરમાં ગંદા પાણીના કારણે પાણીજન્ય રોગચાળામાં લોકોના મોત થયા બાદ 7 સ્ટાર વોટર પ્લસ સિટીનો ખિતાબ મેળવનાર સુરતનુ તંત્ર પણ એલર્ટ થઇ ગયું છે છતાં પણ અમુક એવી જગ્યાઓ પણ છે જ્યાં મહિનાઓથી ગંદા અને વાસ મારતા પાણીની ફરિયાદ હોવા છતાં તેનું કાયમી નિરાકારણ શોધી શકાયું નથી. શહેરના લિંબાયત અને ઉધના ઝોનના ગીચ અને સ્લમ વિસ્તારોમાં આવી ફરિયાદો મળી રહી છે.

લિંબાયત ઝોનના ખ્વાજા નગર બાખડ મહોલ્લામાં છ માસથી વધુ સમયથી પાણી પુરવઠામાં ગંભીર ખામી જોવા મળી રહી છે.

...અનુસંધાન પાના 5 પર

### ગંદું પાણી ટાંકીમાં ન જાય એ માટે અડધો કલાક રાહ જોવી પડે છે : નૂરજહાંબહેન (બાખડ મહોલ્લો)



લિંબાયત ઝોનના બાખડ મહોલ્લામાં રહેતા નુરઝહાં બેહેને જણાવ્યું હતું કે સવારે પાણીનો સપ્લાય ચાલુ થાય ત્યારે ગંદુ અને વાસ મારતું પાણી આવે છે. અડધો કલાકથી વધુ આવું પાણી આવે છે. એટલે આ ગંદુ પાણી ટાંકીમાં ના જાય તેની સતત કાળજી રાખવી પડે છે અને રાહ જોવી પડે છે. જો શરૂઆતનુ પાણી ટાંકીમાં ચાલ્યું જાય તો આખી ટાંકીનુ પાણી પીવાલાયક રહેતું નથી.

### અહીં ગટરના પાણી ઉભરાય છે, તેના કારણે પીવાનું પાણી જોખમી : અરબાજ બાગબાન (ખ્વાજા નગર)



બાખડ મહોલ્લાની બાજુમાં જ ખ્વાજાનગરમાં પણ ગંદુ પાણી આવે છે. જે બાબતે સ્થાનિક અરબાજભાઇએ જણાવ્યું હતું કે, અહીં ગટરના ગંદા પાણીની લાઇન ચોકઅપ હોવાના કારણે સતત ઉભરાતી રહે છે. તેનો નિકાલ આવે તે જરૂરી છે, કેમ કે આ ગંદા પાણીના કારણે જ પીવાનું પાણી જોખમી બની રહ્યું છે.

### ખટોદરા કોલોનીમાં વાસ મારતા પાણીનો કાયમી ઉકેલ લાવો : સલીમ સૈયદ



ખટોદરા કોલોનીના રહીશ સલીમભાઇએ જણાવ્યું હતું કે, ઘણાં મકાનોમાં સવારે સપ્લાય વખતે ગંદુ અને વાસ મારતું પાણી આવે છે, તેના કારણે લોકોના આરોગ્ય પર જોખમ છે. અહીં ઘણાં મહિનાઓથી વારંવાર આ સમસ્યા ઉદભવે છે. મનપાના તંત્ર દ્વારા આ સમસ્યાનો કાયમી હલ આવે તે જરૂરી છે.

### 4600થી વધુ સેમ્પલ ફેલ છતાં ભાજપ શાસકો ફાંકા મારે છેઃ સાકરિયા

સુરત : સુરતમાં દૂષિત પાણીના સેમ્પલ ફેઇલ જતા આમ આદમી પાર્ટી વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકામાં દિવસે ને દિવસે સ્થિતિ બગડતી રહી છે. દૂષિત પાણીના 4600 થી વધુ સેમ્પલ ફેઇલ ગયા છે. બીજી બાજુ 30 વર્ષથી ફાંકા ફોજદારી કરતાં ભારતીય જનતા પાર્ટીના શાસકો કે જેમની મહાનગરપાલિકા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ત્રિપલ એન્જિનની સરકાર છે તેની 'નલ સે જલ' યોજનામાં

...અનુસંધાન પાના 5 પર

### આ વિસ્તારોમાં મનપાના ગંદા પાણીની ફરિયાદો વારંવાર ઊઠે છે

**સેન્ટ્રલ ઝોનઃ-** ગણેશનગર, હરિઓમનગર, શ્રીરામનગર, આશીર્વાદનગર, શાસ્ત્રીનગર, વિશાલનગર, અપેક્ષાનગર, ક્ષેત્રપાલ નગર, પુનિતનગર, કરીમનગર, રેશમવાડ, ચોડીયાવાડ, મોટી શેરી, ખાનસાહેબનું ભાઠું, ઘાસ્તીપુરા, કાજીપુરા 44 ચાલ.

**સાઉથ ઈસ્ટ ઝોનઃ-** ચિમની ટેકરા, લો કોસ્ટ કોલોની, જવાહરનગર, ડી ટેનામેન્ટ, સંજય નગર, નવા કામેલા, બેઠી કોલોની, ક્રાંતિનગર, ગોવિંદનગર, કમરૂનગર, વૃંદાવનનગર, કૃષ્ણકુંજ સોસાયટી, મહાદેવનગર, ગોવર્ધનનગર,ગણપતિધામ, મહાદેવનગર, મીરાનગર, કુંભારીયા ગામ, સુડા સહકાર આવાસ

**વરાછા ઝોનઃ-** જગદીશનગર, ઘનશ્યામ નગર, વર્ષા સોસાયટી, કુબેરનગર, સોના એપાર્ટમેન્ટ, પાટીચાલ, વિશાલનગર, કૃષ્ણાનગર, રાજીવનગર, આનંદ નગર સોસાયટી, રેશમા રો હાઉસ, સીતારામ સોસાયટી, હળપતિવાસ, હેમાદ

**ઉધના ઝોન :-** ગુલશનનગર, સિદ્ધાર્થનગર, પ્રેમનગર, હરિઓમ નગર, ભીમનગર, સંજયનગર, H15 ભેસ્તાન આવાસ, અકબર શહીદ ટેકરી.

**રાંદેર ઝોન :-** સંત તુકારામ સોસાયટી, પ્રાણનાથ સોસાયટી આસપાસનો વિસ્તાર, વિજયનગર, તાપીનગર, ઇન્દિરાનગર, દરબારનગર, રહેમતનગર, આનંદનગર,

...અનુસંધાન પાના 5 પર

સુરતની ડ્રેનેજ લાઈનમાં ઝેરી કેમિકલનો નિકાલ કરવાનો ખેલ!

# ગટરલાઈનમાં 50 ટન ઝેરી કેમિકલ વેસ્ટ છોડતાં બે ટેન્કર ઝડપાયાં

**મધરાતે** બમરોલીમાં જીપીસીબીની કાર્યવાહી, 50 ટન કેલ્શિયમ ક્લોરાઈડ જપ્ત કરવામાં આવ્યું

**સુરત** જાણે બોડી બામણીનું ખેતર, પાનોલી અને દહેજથી કેમિકલ વેસ્ટ ઠાલવવા ટેન્કર આવ્યાં હતાં





સુરતઃ સુરત શહેરમાં મહાનગરપાલિકાની ડ્રેનેજ લાઈનમાં ઝેરી કેમિકલ ઠાલવવાના બનાવો સતત સામે આવી રહ્યા છે. શહેરની જનસ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે ગંભીર ખતરો બની રહેલી આ પ્રવૃત્તિ સામે ગઈકાલે મધરાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ને મોટી સફળતા મળી છે. 50 ટન ઝેરી કેમિકલ

...અનુસંધાન પાના 5 પર

### અંકલેશ્વર જીપીસીબી અને પોલીસને જાણ કરાઈ, સેમ્પલના રિપોર્ટ બાદ કાર્યવાહી કરાશે

GPCB દ્વારા આ ગંભીર મામલે અંકલેશ્વરમાં બોર્ડના અધિકારીઓને બંને કંપનીની વિગતવાર તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સાથે જ, બંને ટેન્કરના રજિસ્ટ્રેશન રદ કરવા

...અનુસંધાન પાના 5 પર

### તપાસ પર રાજકીય બ્રેક! બમરોલીમાં ગેંગ વોર પણ થઈ ચૂકી છે

બમરોલી વિસ્તારમાં કેમિકલ વેસ્ટના ગેરકાયદે ઠાલવણી મામલે અગાઉ અજીત ગેંગ અને અન્ય ગેંગ વચ્ચે ખુલ્લી વોર પણ થઈ ચૂકી છે. અજીત, પાંડેસરા વિસ્તારના મિલ માલિકોને કેમિકલ નિકાલ બાબતે બ્લેકમેલ કરી ઉઘરાણી કરી રહ્યો છે. કાયદા અને

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં ઠંડી આશ્ચર્યજનક રીતે અઢી ડિગ્રી વધી, તાપમાન 15 ડિગ્રી

**છત્તીસગઢનું** એન્ટી સાયક્લોન સર્ક્યુલેશન ઠંડીને અવરોધશે એવી આગાહી ખોટી પડી, દિવસે પણ ઠંડક વર્તાઈ

સુરતઃ સુરત શહેરમાં ભારે ઠંડીની આગાહી વચ્ચે છત્તીસગઢ વિસ્તારમાં સર્જાયેલું એન્ટી સાયક્લોન સર્ક્યુલેશન અવરોધરૂપ બન્યું છે. તેમ છતાં આજે શહેરના તાપમાનમાં ફરી એકવાર ઘટાડો નોંધાયો હતો, જેના કારણે વહેલી સવારે નાગરિકોને ઠંડીનો સ્પષ્ટ અહેસાસ થયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ, આજે શહેરનું મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 30.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે. લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી ઘટીને 15 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. તાપમાનમાં આવેલા આ ઘટાડાને કારણે વહેલી સવારે

...અનુસંધાન પાના 5 પર

### હજુ પાંચ દિવસ રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે

ગાંધીનગરઃ ઉત્તર-પૂર્વીય-પૂર્વીય પવનના કારણે ગુજરાતમાં હવે કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. ખાસ કરીને ગુજરાતના કચ્છમાં આજે સતત બીજા દિવસે પણ નલિયામાં 7 ડિગ્રી ઠંડીનો નોંધાવવા પામી હતી. નલિયાવાસીઓ આજે 7 ડિગ્રી ઠંડીમાં ધ્રુજી ઉઠયા હતા. હજુયે આગામી પાંચ દિવસ દરમ્યાન રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. સૌરાષ્ટ્ર - કચ્છમાં સામાન્ય કરતાં અત્યંત નીચું તાપમાન નોંધાવવા સાથે કચ્છમાં ઠંડીનો ધ્રુજારો વધી જવા પામ્યો છે. આજે મંગળવારે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે 7 ડિગ્રીએ પહોચી ગયો હતો. આગામી પાંચ દિવસ સુધી રાજયમાં કાતિલ

...અનુસંધાન પાના 5 પર

ઇન્દોર અને ગાંધીનગરની ઘટના બાદ મનપાનું તંત્ર એલર્ટ મોડ પર

# મોટી હોસ્પિટલમાંથી પાણીજન્ય રોગચાળાના આંકડાનું મોનિટરિંગ

**રાત્રે** ખાણીપીણીની લારીઓ પર ચેકિંગ શરૂ કરાયું

**ફૂડમાં** વપરાતા પાણી અને ફૂડ ક્વોલિટી માટે દરેક ઝોનમાં વધારાની ટીમો મુકાઇ

**ખાદ્ય** પદાર્થ વેંચનારાઓનાં મેડિકલ સર્ટિ. ચેક કરાશે

સુરતઃઇન્દોર અને ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે પાણીજન્ય રોગચાળો ફાટી નીકળતા રાજ્ય સરકારનું આરોગ્ય તંત્ર

...અનુસંધાન પાના 5 પર

### 15 મિનિટ પાણી જવા દો, પછી ચોખ્ખું પાણી આવશે' તેવાં બહાનાં નહીં ચાલે : થૈન્નારાશન

પાણી જન્યરોગચાળાનો ભય દુર કરવા માટે જરૂરી ચર્ચા વિચારણા કરવા બે દિવસ પહેલા રાજ્યના અર્બન ડેવલપમેન્ટ એન્ડ હાઉ.ના અગ્ર સચીવ એમ.થૈન્નારશને તમામ મહાનગર પાલિકાઓ સાથે મીટીગં કરી ત્યારે મોટા ભાગના અધિકારીઓએ ગંદા પાણીની ફરિયાદ બાબતે એવુ જણાવ્યુ હતુ કે, શરૂઆતની 15 મિનિટ ગંદુ પાણી આવ્યા બાદ શુદ્ધ પાણી મળતુ થઇ જાય છે. જો કે થેન્નારાશને કડક ચેતવણી આપી હતી કે, આવા બહાના નહી ચાલે હાઇડ્રોલિક વિભાગે વૈકલ્પિક વ્યવસ્થા પણ તુરંત કરવી પડશે.

### પાણીનાં સેમ્પલ્સ લેવાની સંખ્યા વધારી 500 કરાઇ

મનપાના હાઇડ્રોલિક વિભાગ દ્વારા પણ પાણીના સેમ્પલો એકત્ર કરવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી વધુમાં વધુ પાણીના સેમ્પલો લઇ તેની તપાસ કરવામાં આવશે. અત્યાર સુધી દરરોજ 9 ઝોન મળીને 400 સેમ્પલ લેવાતા હતા, જે વધારીને 500 કરવામાં આવ્યા છે. એટલે કે હાલ જુદા જુદા 500 જગ્યાએ મળતા પાણીનું ચેકીંગ થઇ રહ્યું છે. સેમ્પલ એકઠા કરતી એજન્સીને સૂચના આપી દેવાઇ છે કે આ સંખ્યા તબક્કાવાર વધારવી.


દુઃખદ અવસાન- બેસણું




દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી લક્ષ્મીબેન મોહનભાઈ પટેલનું તા. ૦૪/૦૧/૨૦૨૬ ના રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું: તા.૦૮/૦૧/૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાનમાં અમારા નિવાસસ્થાને રાખેલ છે.
(લૌકિક રિવાજ બંધ છે)
લિ.
વિનયભાઈ મોહનભાઈ પટેલ
રોશનીબેન વિનયભાઈ પટેલ
દર્શ વિનયભાઈ પટેલ - ધ્વનિ વિનયભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્વ. લક્ષ્મીબેન મોહનભાઈ પટેલ
સ્વ. તા. ૦૪/૦૧/૨૦૨૬
નિવાસસ્થાનઃ મુપો. આભવા, ગીતાંજલિ સ્ટ્રીટ, જી. સુરત-૩૯૫૦૦૭

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. નિલુ રાજેશભાઈ પ્રજાપતિ (એડવોકેટ)
સ્વર્ગવાસ તા. ૪/૦૧/૨૦૨૬
રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર તમારી,
નાની ઉમરે તમારે અણધારી વિદાય
અમો સર્વેના કાળજું કંપાવી ગઈ.
મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ. એડવોકેટ્સ
દિલીપ કે. મહાજન, અશોક પી. વ્યાસ, બંસીલાલ એમ. પટેલ, કિર્તીકુમાર પી. ઘીવાળા, નવીનચંદ્ર જે. વાંસેસા, આસુતોષ એસ. પાઠક, રણજીત આર. એચ., મયુર જી. વાઘેલા, રાકેશ જી. વળવી, મમતા એલ. કુમાવત, દિવ્યા ટી. પટેલ, રમેશ એમ. વસાવા, હસનજમીલ શેખ

॥ કાળાચૂડા કડવા પાટીદાર અવસાન ॥





સ્વ. હરીશભાઈ ચુનીલાલ પટેલ
સ્વ. તા. ૦૬/૦૧/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા નાના ભાઈ / કાકા / પિતાશ્રી હરીશભાઈ ચુનીલાલ પટેલનું તા. ૦૬/૦૧/૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થના સભા એ જ દિવસે સંપન્ન થયેલ છે.
ખાસ નોંધ : મળવાનો સમય : તા. ૦૭/૦૧/૨૦૨૬ બુધવાર થી તા. ૦૯/૦૧/૨૦૨૬ શુક્રવાર સુધી સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન રાખેલ છે.
નિવાસ સ્થાન : ૩૦૫, છપ્પનિયો મહોલ્લો, અડાજણ ગામ, સુરત.
કૃષ્ણમુખભાઈ ચુનીલાલ પટેલ (ભાઈ)
નરેન્દ્રભાઈ ચુનીલાલ પટેલ (ભાઈ)
સ્વ. મનોજભાઈ ચુનીલાલ પટેલ (ભાઈ)
કપિલદેવ નરેન્દ્રભાઈ પટેલ (ભત્રીજા)
નારાયણ કૃષ્ણમુખભાઈ પટેલ (ભત્રીજા)
નિસર્ગ હરીશભાઈ પટેલ (પુત્ર) - પ્રિયંકા નિસર્ગભાઈ પટેલ (પુત્રવધુ)
હાર્દિક મનોજભાઈ પટેલ (ભત્રીજા)
કાજલબેન વિરલભાઈ પટેલ (પુત્રી) - રાધિકાબેન અભિષેકભાઈ પટેલ (પુત્રી)
જાન્વી - ધરતી (પૌત્રીઓ), મહેક - વેદી (દોહિત્રીઓ), કિર્તન - હર્ષિવ (દોહિત્રો)
તથા ભગત પરિવાર

દુઃખદ અવસાન - બેસણું



સ્વ. વિવેકકુમાર નાનજીભાઈ પટેલ
સ્વ.તા. ૦૫-૦૧-૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા જમાઈ શ્રી વિવેકકુમાર નાનજીભાઈ પટેલ તા. ૦૫/૦૧/૨૦૨૬ને સોમવારનાં રોજ સ્વર્ગવાસ પામેલ છે.
સદગતનું બેસણું
તા. ૦૭/૦૧/૨૦૨૬ને બુધવારનાં રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા દરમ્યાન અમારા નિવાસસ્થાન લાયા ફળિયા, આભવા ગામ મુકામે રાખવામાં આવેલ છે.
સદગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. ભાનુબેન ઈશ્વરભાઈ પટેલ
ચંદ્રકાંતભાઇ(ચંદુભાઈ) ઇશ્વરભાઇ પટેલ, રાજેશભાઇ ઇશ્વરભાઇ પટેલ, આકાશ ચંદ્રકાંતભાઇ પટેલ, હર્ષિલ રાજેશભાઇ પટેલ, ભારતીબેન ચંદ્રકાંતભાઇ પટેલ, નિમીષાબેન રાજેશભાઇ પટેલ, ધ્રુવિ દિનેશભાઇ પટેલ, આસ્થા નવીનભાઈ પટેલ
નિવાસસ્થાન: લાયા ફળિયા, આભવા ગામ, સુરત.

તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.લક્ષ્મીબેન મગનભાઈ પટેલ
સ્વ. તા.૦૭/૦૧/૨૦23 (ગામ : ઉત્રાણ)
આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપનું સાદગીભર્યુ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અમો જીવનભર ભૂલીશું નહિ.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
લિ.
મગનભાઈ કરસનભાઈ પટેલ
તથા સહ પરિવાર